**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી</u>**
**<u>વી.બી.ચૌહાણ સાહેબ સમક્ષ, મુ.અમદાવાદ.</u>**

**<u>રેફરન્સ કેસ નં. ૨૫૭/ ૨૦૧૭</u>**
**<u>આંક: ૧૧</u>**

**<u>પ્રથમ પક્ષકાર:–</u>** **માલીકશ્રી/મેનેજરશ્રી,**
**મે.ધી લખોટીયા ટેક્ષટાઈલ્સ પ્રા.લી.,**
૪૦૨/૧, ચકુડીયા મહાદેવ મંદીર પાસે,
રખિયાલ, અમદાવાદ

**વિરૂધ્ધ**

**<u>બીજા પક્ષકાર :–</u>** **વિજયસિંહ ભગુસિંહ ઝાલા,**
ઠે.સી/૧૩, મીરા પાર્ક, નારાયણનગર,
ખોડીયારનગર, અમદાવાદ
નેશનલ લેબર યુનિયન,
૨૬/૨૭, સારથી કોમ્પ્લેક્ષ, બીજો માળ, ને.હા.નં.૮,
જશોદાનગર ચાર રસ્તા, અમદાવાદ

---

**પ્રથમ પક્ષકાર તરફે : શ્રી પી.સી.જોષી**
**બીજા પક્ષકાર તરફે : શ્રી એસ.એન.ગાંધી**

---

**<u>––:: એ વો ર્ડ ::––</u>**

(૧) આઈ.ડી.આર. કેસ નં.૬/૨૦૧૭ નાં કામે સમાધાન અધિકારી અને મદદનીશ શ્રમ આયુકત અમદાવાદ વિભાગ ધ્વારા તેમનાં હુકમ ક્રમાંક:–નાશ્રઆઅવિ/વિ–૨/આઈડીઆરનં/૬/૨૦૧૭/૪૯૮૭, તા.૨૩/૦૩/૨૦૧૭ થી હાલનો વિવાદ ઔધોગિક વિવાદ (સુધારા) અધિનિયમ, ૨૦૧૦ ની જોગવાઈઓ અનુસાર સીધો મજુર અદાલતમાં દાખલ કરવા બીજા પક્ષકાર કામદારને

જણાવતા હાલનાં કામે આંક−૧ થી રજુ રેફરન્સ કેસ બીજા પક્ષકાર કામદાર ધ્વારા તા.૧૧/૦૪/૨૦૧૭ નાં રોજ મજુર અદાલત, અમદાવાદ ખાતે દાખલ થયેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા/સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર/કામદાર તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ કામે બંને પક્ષકારો તથા તેમના વિ.વ.શ્રી/વિ.પ્રતિનિધિશ્રીએ તેમની સહીથી આંક −૧૦ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે. જે આંક−૧૦ ની સમાધાન પુરસીસના કથનો વંચાણે લેતા, આ કામમાં અરજદાર સામાવાળા કંપનીમાંથી તેમની સ્વેચ્છાએ રાજીખુશીથી છુટા થયેલા ગણાશે અને તેઓનો પડેલા દિવસોના પગાર સહીત મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુન:સ્થાપિત થવાનો હકક જતો કરે છે. અરજદારને સામાવાળા ધ્વારા કાયદેસરના હકકો જેવા કે બાકી પગાર, બાકી બોનસની રકમ, બાકી હકકરજાની પગારની રકમ, પડેલ દિવસના પગારની રકમ, ચુકવવાપાત્ર થતી હોય તેવી ગ્રેજયુટીની રકમ તથા એક્ષગ્રેસીયા રાજીખુશીથી ચુકવેલ વધારાની રકમ મળી કુલ રકમ રૂા.૧૧,૦૦૦/− ચુકવી આપેલ છે. તેમજ કોઈ પણ જાતના કેસ કે અરજી કરેલ હોય તો તે પાછા ખેંચી લેવાની ખાત્રી આપે છે. આમ, સમાધાનની શરતો મુજબ સમાધાન પુરશીશ જાહેર કરતાં, સદરહું પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે. આમ,અરજદાર નો હાલનો રેફરન્સ કેસ આંક−૧૦ ની સમાધાન પુરશીશના કથનો આધારે ફેંસલ કરવા નો હુકમ કરવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**અમદાવાદ.**
**તા.૧૧/૦૨/૨૦૨૩.**

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ )**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૪,અમદાવાદ.**
**(જી.જે.૦૧૦૪૫)**